# જનસંપર્ક અધિકારી,
## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર
પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૭/૦૫/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૧૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૧ લોડીંગ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૭૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૭૧૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**લુંટઃ–** **સમાચાર યાદી નં.૭૧૬/૨૦૨૫**

**પાલડીઃ** કરણભાઇ સ/ઓ કિશોરભાઇ તલસાણીયા (ઉ.વ.૨૮)(રહે.ગામ–રોજાસણ, અંબારામ ગેરેજ પાસે તા–લીંમડી, જી.સુરેન્દ્રનગર) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૫/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પાલડી ચાર રસ્તાથી ગીતા મંદિર જવા માટે પાલડી ચાર રસ્તા ખાતે રિક્ષા ચાલકે કરણભાઇ તલસાણીયાને પેસેન્જર તરીકે ડ્રાયવર સીટની બાજુમાં બેસાડ્યા હતા. વિશ્વકુંજ બસ સ્ટેન્ડ નજીક પહોચતા રિક્ષા ચાલકે કરણભાઇ તલસાણીયાના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– તથા વન પ્લસ કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૪૫,૦૦૦/– કાઢી લઇ, કરણભાઇ તલસાણીયા સાથે ઝપાઝપી કરી મારામારી કરી કરણભાઇ તલસાણીયાને વિશ્વકુંજ ચાર રસ્તા ખાતે રીક્ષામાંથી ધકકો મારી ઉતારી લુંટ કરી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૭૧૭/૨૦૨૫**

**ઓઢવઃ** હરેશભાઇ નારણભાઇ ડોબરીયા (રહે.સદગુરૂપાર્ક સોસાયટી વિભાગ–૨ મંગલપાંડે હોલ પાછળ, નીકોલ) એ તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૫/૨૦૨૫ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ વિરાટનગર નેશનલ હેન્ડલુમની બાજુમા "સતી માતા કાર વોશ" સામે પાર્ક કરેલ પોતાની કારનો દરવાજો ખોલી હરેશભાઇ ડોબરીયાની નજર ચુકવી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૧,૬૫,૭૭૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.આર.ક્રિશ્ચિયન ચલાવે છે.

**વાડજ:** દિનેશ લલીતકુમાર મંડોરા (ઉ.વ.૩૫)(રહે.એમ–૬, સેક્ટર–૮–એ વિભાગ, નિર્ણયનગર) એ તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૫/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ થી તા.૨૫/૦૫/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન નિર્ણયનગર, સેક્ટર–૮–એ વિભાગમા મકાન નંબર: કે–૮ ખાતે આવેલ દિનેશ મંડોરાના કારખાનામાં સોનાના દાગીનાનુ જડતરનુ કામ કરતા અને ત્યાં જ રહેતા આરોપી કમલેશ ઉર્ફે રોહિત ફતેહચંદ સોની (મુળ રહે.સનાખંત ભવનવાળી ગલી, વોર્ડ નં–૩૪, તા.જી.– ચુરૂ રાજસ્થાન) નાઓને દિનેશ મંડોરાએ સાફ સફાઇ કરવા સારૂ સોનાના દાગીના કિંમત રૂપિયા ૨૧,૯૯,૯૬૦/– મતાના આપેલ હતા. જે દાગીના ચોરી કરી કમલેશ સોની નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.જી.જોષી ચલાવે છે.

**આત્મહત્યા:–** **સમાચાર યાદી નં.૭૧૮/૨૦૨૫**

**બોડકદેવ:** હેતલબહેન વા/ઓ ગૌતમભાઇ દરજી (ઉ.વ.૨૪) (રહે. ક્રીષ્ના કેસલ બી.આર.પાર્કની બાજુમાં, સાયન્સ સીટી) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૫/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એન" ડીવીજન ચલાવે છે.

**નિકોલ:** આશાબહેન વા/ઓ રોહિતકુમાર પટેલ (ઉ.વ.૩૯)(રહે. ગંગોત્રી બંગ્લોઝ, ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૫/૨૦૨૫ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર અર્થે તેમને અનંતા હોસ્પિટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એલ.સીસોદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી